CITY pulse
email: citypulse@gujaratmitra.in
ગુજરાતમિત્ર
શુક્રવાર ૩૧ જુલાઈ, ૨૦૨૬

રિશ્તે

આ વિડીયો જોવા માટે QR કોડ સ્કેન કરો



# પૂર અસરગ્રસ્તોના તારણહાર

# ફાયર, પોલીસ, 108, NGO શહેરના સાચા હીરો

આ જૂન મહિનામાં આપણે ગરમીથી એટલા ત્રસ્ત થયા હતા કે, વરસાદની કાગડોળે રાહ જોતાં હતાં. જુલાઈમાં વરસાદે ધમાકેદાર એન્ટ્રી કરી પણ જુલાઈ મહિનાનો વરસાદ ઘણા પરિવારોને રડાવી ગયો. આ મહિનામાં જ સુરતમાં ભારે વરસાદ અને ખાડી ઓવરફ્લો થતા બે વાર પૂરની સ્થિતિ ઉભી થઈ. નીચાણવાળા વિસ્તારના લોકો પાણીમાં એવા ઘેરાયા કે તેમને ફૂડ પેકેટ અને પીવાના પાણી માટે વલખા મારવા પડે તેવી ઘડી આવી હોત. આ સમયે સુરતની પ્રજા જ નહીં પણ ફાયર બ્રિગેડ, પોલીસ, 108 ઈમરજન્સી સેવા, NDRFની ટીમે એકજુટ થઈ સુરતીઓને પૂરની સ્થિતિમાંથી હેમખેમ બહાર કાઢયા. હા, લોકોની સંપતિને, ઘરના રાચરચીલાને નુકસાન થયું પણ સરકારની વિવિધ સેવાના કર્મચારીઓએ અને NGOના માણસોએ રાતના ગાઢ અંધકાર, પાણીના જોરદાર પ્રવાહ વચ્ચે લોકોને કઈ રીતે રેસ્ક્યુ કર્યા, શું તેમને આવી સ્થિતિમાં ઘરે જવા મળ્યું ખરું, રાતના કેવા ઉજાગરા કર્યા? તે વિષે જાણી તેમની કામગીરીની આ લેખના શબ્દોથી સરાહના કરીએ...





## 5 ફૂટ પાણીમાં ઉતરી પાણી અને દુધનું વિતરણ કર્યું

જુનેદભાઈ ઓરાવાલા રાંદેરમાં રહે છે. ગયા અઠવાડિયે મીઠીખાડીના અસરગ્રસ્તો માટે તેમણે દૂધના પાઉચ અને પાણીની બોટલનું વિતરણ કર્યું હતું. તેમની 15થી 20 જણાની ટીમે ફાયર બ્રિગેડની બોટમાં આખો દિવસ રહીને અસરગ્રસ્તોને 2500 દુધના પાઉચ, 2000 પાણીની બોટલનું વિતરણ કર્યું હતું. તેમણે જણાવ્યું કે અમે અઢી વર્ષના બાળક અને એક ડોગનું રેસ્ક્યુ કર્યું હતું. બોટ લઈ જવી મુશ્કેલ હતી ત્યાં પાણીમાં ઉતરી લોકોને પીવાનું પાણી અને નાના બાળકો માટે દૂધ પૂરું પાડ્યું. અસરગ્રસ્તો એવી સ્થિતિમાં હતા કે તેમની પાસે પીવાનું પાણી નહીં હતું, લાઈટ નહીં હતી, મોબાઈલ ફોન ચાલુ નહીં હતાં. કમરૂનગરમાં ટ્રેક્ટર લઈ જઈને અસરગ્રસ્તોને મદદ કરી હતી.

## પાંડેસરામાં ખભે ઊંચકી લઈ જઈને અસરગ્રસ્તોને રેસ્ક્યુ કર્યા

ચીફ ફાયર ઓફિસર બસંત પારીકે જણાવ્યું હતું કે, ભારે વરસાદ અને પાણી ભરાવાની સ્થિતિમાં રેસ્ક્યુ કામમાં ફાયર બ્રિગેડની ટીમ ખડેપગે રહી હતી. ફાયર કર્મીઓ ત્રણ રાત તો ઘરે નહીં જઈ શક્યા હતા. સબ ફાયર ઓફિસર નરોત્તમભાઈ ખલાસીએ જણાવ્યું હતું કે, ઉધના ખત્રીનગરમાં પાણી ભરાતા ફસાયેલા 47 જણાને અમારી નાવડી અન્યત્ર રેસ્ક્યુ કામમાં હોવાથી શબવાહીનીમાં જઈને રેસ્ક્યુની કામગીરી કરી હતી. હમણા ગયા અઠવાડિયે પાંડેસરા કૃષ્ણનગરમાં જ્યાં નાવડી નહીં ચાલી શકી ત્યાં બાળકોને અમે ખભે બેસાડી રેસ્ક્યુ કર્યા હતા.

## કમર સુધીના પાણીમાંથી બાળક સાથે ‘મા’ને હોસ્પિટલ પહોંચાડ્યા

સબ ફાયર ઓફિસર ભૂપેન્દ્રસિંહ રાજે જણાવ્યું કે, લીંબાયાતમાં કમર સુધીના પાણી ભરાયા હતા. ગીતાનગરમાં પૂજાબેનની ડિલિવરી 15 દિવસ પહેલા થઈ હોવાથી તેઓ તેમના મમ્મીના ઘરે હતા. તેમના ટાંકા તૂટી જતાં બ્લીડીંગ થતું હોવાથી તેમના હસબન્ડે પૂજબેનને પાણીમાંથી બહાર કાઢી હોસ્પિટલ પહોંચાડવા ફાયર બ્રિગેડની મદદ માંગી હતી. અમે કમર સુધીના પાણીમાં બોટ દ્વારા પહોંચી પૂજાબેનને ખુરશીમાં બેસાડીને અને તેમના 15 દિવસના બાળકને બીજા માળેથી નીચે લાવી બોટમાં સાવચેતીથી બેસાડી પાણીમાંથી બહાર કાઢયા હતા .

## બસ સ્ટેન્ડ પર લગભગ 100 વ્યક્તિઓનો બચાવ

લીંબાયત કાંગારૂ સર્કલ પાસે BRTS બસ સ્ટેન્ડ પર બસ માટે ઉભેલા લોકો અચાનક પાણી વધતા ત્યાં ફસાયા હતા. સબ ફાયર ઓફિસર કિરણ પટેલે જણાવ્યું કે, રાત્રીના અમારી ટીમે ત્યાં નાવડીમાં પહોંચી 10 ફેરા મારીને લગભગ 100 વ્યક્તિઓને રેસ્ક્યુ કરી સલામત સ્થળે ખસેડયા હતા. અહીં લગભગ 5 ફૂટ જેટલું પાણી હતું અને રાત્રીનું અંધારું ઉપરાંત બસ સ્ટેન્ડના RCC સ્લેબ છાપરા પર પણ લોકો બેઠા હતાં.



## ભુવનેશ્વરથી આવેલી NDRFની ટીમે 16 જણાને રેસ્ક્યુ કર્યા

ખાડી પુરની સ્થિતિને કારણે બચાવ કામગીરી માટે ભુવનેશ્વરથી NDRFની ટીમ સુરત આવી હતી. 30 જણાની આ ટીમે કાંગારુ સર્કલ પાસે 16 જણાને રેસ્ક્યુ કર્યા હતા. ઈન્સ્પેકટર ટીમ કમાન્ડન્ટ NDRF, સંતોષકુમાર સાહૂએ જણાવ્યું કે, અમારી બે બોટમાં રેસ્ક્યુ કરી 16 જણાને સ્લામત સ્થળે લઈ ગયા હતા જેમાં મહિલાઓ અને નાના બાળકો હતાં. ત્રણ બોટ આઈમાતા મંદિર પાસે સ્ટેન્ડબાય રાખવામાં આવી હતી. તેઓ 24 તારીખે એરલિફ્ટથી સુરત આવ્યાં હતાં અને હાલમાં પણ તેઓ સુરતમાં જ છે. તેમણે જણાવ્યું કે, બોટ, લાઈફ જેકેટ અને ડિઝાસ્ટરને લગતા સાધનો અમારી સાથે હોય જ છે.

## જ્યાં લોકો નહોતા પહોંચી શકતા ત્યાં પહોંચી ગરમ ફૂડનું વિતરણ કર્યું

7 જુલાઈએ લીંબયતના નીચાણવાળા પાણીથી ઘેરાયેલા અનેક વિસ્તાર એવા હતા જ્યાં લોકો નહોતા પહોંચી શક્તા. ત્યાં આલે નબી વેલ્ફેર મિશન- સુરતના 30 જણાની ટીમે પહોંચી અસરગ્રસ્તોમાં પાણી અને ફૂડનું વિતરણ કર્યું હતું. આ ટ્રસ્ટના સૈયદ ઈમરાન અલી કાદરીએ જણાવ્યું હતું કે અમે ગરમ ભોજન તૈયાર કરી, તેના પેકેટ્સ બનાવી ફાયર બ્રિગેડની બોટમાં અસરગ્રસ્તોને ઘેરે ઘેરે જઈને ભોજન પાણી પૂરું પાડ્યું હતું. કમર સુધીના પાણીમાં ઉતરીને પણ લોકોને ખાદ્ય સામગ્રી આપી હતી.





## સેલર સમાજની બે બોટમાં ફૂડ પેકેટ 400 લોકોને વિતરિત કરાયા

શહેર પર પુરનું સંકટ જ્યારે પણ ઘેરાયું સેલર સમાજ પીડિતોની મદદે આવ્યાં જ છે. કૃણાલભાઈ સેલરે જણાવ્યું કે, 7 જુલાઈને શહેરમાં અતિ ભારે વરસાદમાં નીચાણવાળા વિસ્તારના લોકોને SMC દ્વારા સલામત સ્થળે ખસેડાયા હતાં. ઉધનામાં ચીકુવાડી સ્થિત સુમન સ્કૂલમાં પણ 400 લોકોને ખસેડાયા હતાં. આ લોકો પાસે ફૂડ પેકેટ નહીં હતાં તો અમારા તાપી નમોસ્તુત્યમ ગ્રુપના ચાર યુવાનો ટેમ્પોમાં અમારા સેલર સમાજની બે બોટ રાત્રીના અઢી ત્રણ વાગે ત્યાં લઈ ગયા હતા અને આશ્રિતોને ફાયર બ્રિગેડના જવાનો સાથે ફૂડ પેકેટનું વિતરણ કર્યું હતું.

## 108ની ટીમે એમ્બ્યુલન્સમાં જ નોર્મલ પ્રસુતિ કરાવી

108 ઈમરજન્સી સેવાના પ્રોગ્રામ મેનેજર અભિષેક ઠક્કરે જણાવ્યું કે, ભારે વરસાદમાં પણ 108 ઈમરજન્સી સેવા દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી હતી. હજીરા વિસ્તારના દામકા ગામમાં રહેતાં વિક્રમસિંહની પત્ની નિશાકુમારીને પ્રસૂતીનો સમય નજીક હતો. તેમને અતિશય લેબર પેઈન થતા અનેક સ્થળે પાણી ભરાયાની સ્થિતિમાં 108 ઈમરજન્સી સેવાનો સંપર્ક કર્યો હતો. રાંદેર 108ની ટીમે દર્દીના ઘરે પહોંચી તેમને હોસ્પિટલ લઈ જવાની પ્રક્રિયા શરૂ કરી પણ માર્ગમાં પીડા વધી જતા 108 ટીમના EMT દેવિકાબેન સોલંકીએ પાઈલટ સુનિલ ભાભોરના સહયોગથી એમ્બ્યુલન્સમાં જ નોર્મલ પ્રસુતિ કરાવી માતા અને નવજાત શિશુનો જીવ બચાવ્યો. 7 જુલાઈએ કતારગામ ફૂલવાડી વિસ્તારના સીતારાબેન શાહને અસ્થમાને કારણે શ્વાસ લેવામાં ગંભીર તકલીફ ઊભી થઈ હતી પણ ભારે વરસાદના કારણે અતિશય પાણી ભરાયા હોવાથી 108 દર્દીના ઘર સુધી પહોંચી શકે તેમ નહોતી તો રાંદેર લોકેશનના EMT, પાઈલટ તથા સ્થાનિક લોકોના સહયોગથી દર્દીને સ્પાઈન બોર્ડ સ્ટ્રેચર પર પાણીમાંથી બહાર લાવી એમ્બ્યુલન્સ સુધી પહોંચાડયા હતાં. 108 EMT દ્વારા સમયસર જરૂરી પ્રિ-હોસ્પિટલ સારવાર આપી હોસ્પિટલ પહોંચાડ્યા હતાં.







## અંધારામાં ટ્રેક્ટર પર ફસાયેલા પાંચને દોરડું બાંધી રેસ્ક્યુ કર્યા

ગોડાદરા પોલીસ સ્ટેશનના PSI જે. એસ. રામાનંદીએ જણાવ્યું કે, ગોડાદરામાં પાણીનું વહેણ ખાસ્સું હતું અને ત્યારે 5 ફસાયેલી વ્યક્તિઓએ ટ્રેકટર પર સહારો લીધો હતો. બોટ અન્યત્ર રેસ્ક્યુમાં ગઈ હતી તો અમારી પોલીસ ટીમે ટ્રેક્ટર લઈ જઈને ફસાયેલી પાંચ વ્યક્તિઓના કમર પર દોરડું બંધાવી તેમને ખેંચીને બહાર કાઢ્યા હતા. આ કામગીરી રાતના ગાઢ અંધારામાં કરી હતી. આ ઉપરાંત 200 જણાને સલામત જગ્યા પર શિફ્ટ કર્યા હતા. NDRFની બોટમાં એક પ્રેગ્નન્ટ વુમનને લઈ જઈને 108ની એમ્બ્યુલન્સમાં બેસાડી દવાખાને ખસેડી હતી.

## લોકોને મદદ કરવા ઉપરાંત 200 પશુઓને સૂકો ઘાસચારો ખવડાવ્યો

સચિન GIDC પોલીસ સ્ટેશનના PI કે.એ. ગોહીલે જણાવ્યું હતું કે, અતિશય વરસાદને કારણે પાલી ગામ તથા શિવનગર તેમજ સચિન સ્ટેશન પાસેના વિસ્તારોમાં 200થી વધુ અસરગ્રસ્ત પશુઓને સૂકો ઘાસચારો ખવડાવવામાં આવ્યો હતો. 500થી વધુ લોકોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ, સૂકો નાસ્તો, ફૂડ પેકેટ, પાણીનું વિતરણ કરાયું હતું. 50થી વધુ લોકોને શિફ્ટ કર્યા હતા.

## પાણીનો પ્રવાહ વધારે હતો તો ટ્રેક્ટરનો ઉપયોગ કરી રેસ્ક્યુની કામગીરી કરી

લીંબયત પોલીસે પાણીનો પ્રવાહ વધારે હતો ત્યારે બોટ લઈ જવી મુશ્કેલ હતી તો ટ્રેક્ટરનો ઉપયોગ કરી મોટી સંખ્યામાં લોકોને રેસ્ક્યુ કર્યા હતા. લીંબાયત પોલીસ સ્ટેશનના PI ડી.ડી. ચૌહાણે જણાવ્યું હતું કે, જુલાઈમાં બે પુર આવ્યા. પહેલા પુરમાં પાણીનો પ્રવાહ વધુ હોવાથી પાણીની સપાટી વધી જતાં લોકો રેસ્ક્યુ માટે કોલ્સ કરતા હતા. એ સમય અઘરો હતો પણ અમારી 70 પોલીસની ટીમ ટ્રેક્ટરનો ઉપયોગ કરી લોકોની મદદે ગઈ હતી. ગર્ભવતી મહિલાઓને પણ રેસ્ક્યુ કરી હતી તો ફૂડ, પાણીનું વિતરણ પણ કર્યું હતું.